## Pain & Problems

**પેઈન કેર કલીનીકમાં જુદા જુદા (વિવિધ) પ્રકારના દુ:ખાવાની સારવાર:-**

- માથાનો દુ:ખાવો
- ગરદનનો દુ:ખાવો, મોઢાની નસનો દુ:ખાવો
- કેન્સરને લીધે શરીરના વિવિધ ભાગમાં થતો દુ:ખાવો
- ખભાનો દુ:ખાવો
- છાતીનો દુ:ખાવો / પેટનો દુ:ખાવો
- કમરનો દુ:ખાવો
- મણકામા ગાદી ખસી જવાથી થતો કમર પગનો દુ:ખાવો
- રાંઝણ (સાઈટિકા)
- સાંધાનો દુ:ખાવો
- ઘૂંટણનો દુ:ખાવો
- ચેતાતંતુ (નસ)નો દુ:ખાવો
- મણકાના ફેકચરને લીધે થતો દુ:ખાવો
- ઑપરેશન પછી પણ રહેતો કમર, ગરદનનો દુ:ખાવો
- કોમ્પલેક્ષ રીજનલ પેઈન સીન્ડ્રોમ (આગળ કરાયેલ ઑપરેશન કે એકસીડન્ટથી થતો દુ:ખાવો)
- ગરદન થી હાથનો કે હાથની નસનો દુ:ખાવો
- લોહીના અપૂરતા ભ્રમણને લીધે થતો ગેંગરીન અથવા નસનો દુ:ખાવો



## Basic & Advanced Pain Management Procedures

- Transaforaminal Block
- Lumber Sympathetic Neurolysis
- Caudal Neuroplasty
- Sacroiliac Joint Neurolysis
- Facet Joint Block
- Facet Joint Medial Branch Neurolysis
- Ozone Discolysis
- Genicular Nerve RF Procedures
- Trigger Point Injection
- Joint Injection
- Nerve Blocks
- Stellate Ganglion Block
- Coeliac Plexus Neurolysis
- Splanchnic Nerve Neurolysis
- Intercoastal Nerve Neurolysis
- PRP (Platelet Rich Plasma) Therapy
- Radio Frequency Procedures
- Endoscopic Discectomy
- Vertebroplasty
- Spinal Cord Stimulator

## FAQs

**૧. આ સારવાર કેટલી સફળ છે?**

દર્દીની પૂરી તપાસ અને રીપોર્ટ જોઈને કરવામાં આવતી સારવારથી ૭૦ થી ૮૦ ટકા કે તેનાથી વધારે રાહત થાય છે તેમજ ઑપરેશન ટાળી શકાય છે તેમજ ૧૦૦ માંથી ૮૦-૯૦ દર્દીને મણકાના, ખભાના, ઢીંચણના જોખમી ઓપરેશન ટાળી શકાય છે.

**૨. કેટલી વખત આ સારવાર લેવી પડે?**

સાંધાના દુ:ખાવામાં એક મહિનાના અંતરે ૨ થી ૪ વાર સારવાર લેવી પડે જ્યારે મોટા ભાગે મણકાની સારવાર એક જ વાર કરવાની જરૂર પડે છે.

**૩. શું આ સારવારમાં વીમો મળે છે?**

હા, મણકાની, રેડિયો ફ્રિકવન્સીની સારવાર, ગાદીની સારવારમાં વીમો મળે છે. સાંધા જેવા કે ઢીંચણ, ખભા ની સારવારમાં વીમો મળતો નથી.

**૪. શું સારવારમાં હોસ્પિટલમાં દાખલ થવું પડે છે?**

ખભા, ઢીંચણ (ઘૂંટણ)ની સારવારમાં હોસ્પિટલમાં દાખલ થવું પડતું નથી. પરંતુ મણકાની સારવારમાં દાખલ થવું પડે છે.

**૫. સારવારની આડઅસર શું છે?**

મોટા ભાગની સારવારમાં નહિવત્ કે કોઈ જ આડઅસર જોવા મળતી નથી.

**૬. દર્દીને ક્યાં સુધી દુ:ખાવામાં રાહત મળે છે?**

જ. મોટા ભાગે દર્દીને લાંબો સમય કે કાયમી રાહત મળે છે તેમજ જરૂર પડે તો ક્યારેક સારવાર ફરી પણ કરી શકાય છે.

**૭. શું સારવારમાં સ્ટીરોઈડ વપરાય છે?**

પેઈન કેર કલીનીકમાં ઢીંચણ (ઘૂંટણ)માં સ્ટીરોઈડ મૂકવામાં આવતા નથી પરંતુ મણકાની અમુક સારવારમાં, દુ:ખાવાના ઉદ્‌ભવ સ્થાન ઉપર ચોક્કસ જગ્યાએ ક્યારેક સ્ટીરોઈડ મૂકવામાં આવે છે જેની અસર આખા શરીર ઉપર થતી નથી.

**૮. શું આ સારવારમાં વધુ દુ:ખાવો થાય?**

ફક્ત સામાન્ય સોયનો દુ:ખાવો થાય છે, જે ચામડી બહેરી કરવા વપરાય છે.


**PAIN CARE**

**અમદાવાદ : નવરંગપુરા, મણિનગર, મહેસાણા, બરોડા**

(paincareclinic@gmail.com, For Appointment : 079 - 26562940, 9408754678 )

નવરંગપુરા: ૬ ઠ્ઠો માળ, એડોર ઍબીશન, વિમલ હાઉસની બાજુમાં, નવકાર ઈન્સ્ટીટ્યૂટની પાછળ, નવરંગ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪


મણીનગર: ત્રીજો માળ, વીદીતા એવન્યુ, પ્રમુખ પેલેસની પાસે, દૂન ઈન્ટરનેશનલ સ્કૂલની બાજુમાં, જયહીંદ ચાર રસ્તા, મણીનગર, અમદાવાદ.


# PAIN CARE CLINIC

COMPLICATED PAIN..SIMPLIFIED CURE

## આપને ઓપરેશનની સલાહ આપી છે ?

## તો લો બીજો અભિપ્રાય




**For Appointment : 9408754678**

માથાનો દુ:ખાવો | મોઢાંની નસનો દુ:ખાવો | ખભાનો દુ:ખાવો | પગની નસનો દુ:ખાવો | ગરદનનો દુ:ખાવો


Scanned by CamScanner

# Overview

**પેઈન કેર ક્લીનીક ગુજરાતની અદ્યતન હોસ્પિટલ છે. જેમાં બધા પ્રકારના દુઃખાવાની સારવાર મીનીમલ ઈન્વેસીવ પ્રોસીજર, આધુનિક પદ્ધતિ જે USA અને બીજા પશ્ચિમ દેશોમાં પ્રચલિત છે તે પદ્ધતિથી કરવામાં આવે છે. અહીં થતી બધી સારવાર US-FDA માન્ય તેમજ વૈજ્ઞાનિક ઢબે થતી અને ઑપરેશન (વાઢ-કાપ) વગરની છે.**



## પેઈન કેર ક્લીનીકમાં થતી સારવારના ફાયદા :-

- કોઈપણ દુઃખાવો તેમજ તેની સારવાર માટે યોગ્ય માર્ગદર્શન
- ડે કેર સારવાર અને ફક્ત ચામડી બહેરી કરીને સોય દ્વારા કરવામાં આવતી સારવાર
- લાઈવ એક્સ-રે મશીન દ્વારા દુઃખાવાના ઉદ્‌ભવ સ્થાન પર થતી ચોક્કસ સારવાર
- લોહી વહી જવાનું, ચેપ લાગવાનું જોખમ મહદ અંશે રહેતુ નથી
- ઑપરેશન કરતાં ઓછી ખર્ચાળ સારવાર
- આ સારવાર કોઈ પણ ઉંમરે કરી શકાય છે, પરંતુ ૧૫ વર્ષથી નાના બાળકો માટે કરવામાં આવતી નથી.
- જે દર્દીને બી.પી.,ડાયાબીટીસ કે હૃદયની બીમારી હોય તેમની સારવાર પણ થઈ શકે .
- ફક્ત ચામડી બહેરી કરવાથી પૂરા બેભાન કરવાની જરૂર રહેતી નથી એટલે એનેસ્થેશિયાની જોખમી અસરો ટાળી શકાય .
- દુઃખાવા માટેની દવાઓ (પેઈન કીલર) ની જરૂરિયાત ઓછી કે બંધ થઈ જાય .



# Dr. Palak Mehta

- MD ( Anasthesiology from BJMC, A'bad) -July'2006
- FIPP (Fellow in Intervention Pain Practice) Netherland-June' 2011
- FIAPM ( India ) – February 2018

ડો.પલક મેહતા પેઈન કેર ક્લિનિકના ડાયરેક્ટર છે. તેઓ ગુજરાતના પ્રથમ અને સમગ્ર ભારતમાં બીજા નંબરના FIPP ડિગ્રી મેળવનારા લેડી પેઈન ફીઝીશીયન છે.

તેમને અમદાવાદ બી.જે.મેડીકલ કોલેજમાંથી M.D. ( એનેસ્થેસિયા ) કર્યા બાદ તેઓએ નેધરલેન્ડના દેશમાંથી પેઈન મેનેજમેન્ટ વિષયમાં ફેલોશીપ (FIPP- Felow In Interventional Pain Practice) કરી ઉચ્ચ ડીગ્રી પ્રાપ્ત કરી અને ત્યાંની અત્યાધુનિક દુખાવાની સારવારને ગુજરાતમાં લાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે. ડૉ. પલક મેહતાએ તાજેતરમાં FIAPM ડિગ્રી જે IAPM ( Indian Academy of Pain Medicine) દ્વારા મેળવી જે ગુજરાતમાં ફક્ત તેમની પાસે છે

તેઓ ભારતમાં પેઈન મેનેજમેન્ટ દ્વારા થતી સારવાર અંગે લોકોમાં તેમજ ડોક્ટર્સમાં જાગૃતિ લાવવમાં કાર્યરત છે. ડો.પલક મેહતા અલગ-અલગ દુખાવા જેવા કે કમર, મણકા, ગાદી , ગોઠણ , સાંધા, ખભા, ચેતા, નસનો દુખાવો , સાયેટીકા , રાંઝણ , ગરદનનો દુઃખાવો , મોઢાની નસ નો દુખાવો જેવા શરીરના લગભગ દરેક દુખાવાની સારવાર અત્યાધુનિક પેઈન મેનેજમેન્ટ ટેકનોલોજીની મદદથી કરે છે. જેના વડે ખર્ચાળ અને જોખમી ઓપરેશન ટાળી શકાય છે.

ડો.પલક મેહતા હાલમાં પડજદરન યુનિવર્સીટી , ઇન્ડોનેશિયા જઇને ને ત્યાની મેડીકલ કોલેજમાં ડોક્ટર્સને ટ્રેનીંગ આપી આવ્યા.આ ઉપરાંત તેઓ ઈરાન, નેધરલેન્ડ જેવા દેશોમાં પરીક્ષક તરીકે પણ જઈ આવ્યા. તેઓ વિવિધ રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં લેકચર આપવા જાય છે.

ડો. પલક મહેતાના લેખો ગુજરાત સમાચારમાં નિયમિત રૂપે પ્રસ્તુત થયા છે . તેમના GTPL – Nirman news , TV 9, Girnar TV , E tv, V TV પર પણ તેમના ઈન્ટરવ્યું આવેલા છે.તેઓ ભારત ના દર્દીઓને વિવિધ પ્રકારના દુઃખાવાને ઓપેરશન વગર કેવી રીતે મટાડવા તે દિશામાં લોકોને માર્ગદર્શન આપે છે અને એ દિશા માં કાર્યરત છે.

# કમરનો દુઃખાવોઃ-



**સારવારના વિકલ્પઃ-**

- ૨-૬ અઠવાડિયા સુધી દુઃખાવાની દવા લઈ શકાય
- કસરત કે શેક ૨ થી ૬ અઠવાડિયા લઈ શકાય

જો ફાયદો ના થાય તો નીચે મુજબ સારવાર કરી શકાય

**(એ) ફેસેટ જોઈન્ટ બ્લોક** (Facet Joint Block):-

આ સારવાર લાઈવ X-ray મશીનમાં જોઈને ફક્ત ચામડી બહેરી કરીને કરવામાં આવે છે. તાત્કાલિક ૫૦ ટકા રાહત આપે છે. તેનાથી મણકાની સ્નાયુનું સંકોચન અને સાંધાનો સોજો દૂર થાય છે. સારવારના ૧૫ દિવસમાં સારી એવી રાહત મળે છે.

**(બી) રેડિયો ફ્રિકવન્સી** (Radio Frequency Ablation):-

જો સારવારના થોડા સમયમાં દુઃખાવો પાછો આવે તો રેડિયો ફ્રિકવન્સી સારવારની મદદથી નસમાંથી નીકળતા દુઃખાવાના સંદેશાને રોકવામાં આવે છે. રેડિયો ફ્રિકવન્સીની સોયના આગળના ઈન્સ્યુલેટેડ ભાગને દુઃખાવો કરતી ચેતાની નજીક મૂકી દુઃખાવાના સિગ્નલને રોકવામાં આવે છે. તેનાથી પગની નસમાં બહેરાશ કે કમજોરી આવતી નથી.

**(સી)** Sacroiliac Joint / Piriformis Neurolysis :-

પડવા / વાગવાથી થતો આ સાંધાનો તેમજ સ્નાયુનો દુઃખાવો છે. તે ઉપરાંત મણકાના ઓપરેશન પછી પણ દુઃખાવો થઈ શકે છે. આ સારવાર ફક્ત ચામડી બહેરી કરી અને લાઈવ એક્સ-રે ની મદદથી સાંધામાં સોય મૂકી તેમાં ડાઈ નાંખી કરવામાં આવે છે અને પછી દવા મૂકી સાંધાનો સોજો તેમજ સ્નાયુનું સંકોચન દૂર કરી શકાય છે.

**(ડી)** Rami Communicants Neurolysis :-

સામાન્ય રીતે કમરનો દુઃખાવો જે વધારે બેસવાથી થતો હોય તેમજ સામાન્ય ગાદીના ખસવાથી થાય છે. તેમાં પણ એક્સ-રે ની મદદથી ફક્ત ચામડી બહેરી કરીને ગાદીનો દુઃખાવો કરતી નસ પાસે દવા મૂકવાથી દુઃખાવામાં રાહત મળે છે.



# ઢીંચણનો દુઃખાવો :-



**સારવારના વિકલ્પઃ-**

- દવા તેમજ કસરત ૪-૧૨ અઠવાડિયા કરી શકાય
- ગરમ-ઠંડા પાણીનો શેક દુઃખાવાની જગ્યા એ કરવો

જો ફાયદો ના થાય તો નીચે મુજબ સારવાર કરી શકાય

**(એ) પ્લેટલેટ રીચ પ્લાઝમા થેરાપી ( Platelet Rich Plasma Therapy) :-**

આ સારવારમાં PRP "પ્લેટલેટ રીચ પ્લાઝમા" ( દર્દીના લોહીનો ઘટક તત્વ ) ઘૂંટણના સાંધામાં ઈન્જેક્શનથી પૂરવામાં આવે છે.તેના માટે ૩ થી ૪ વાર ૧૫-૨૦ દિવસના અંતરે સારવાર માટે આવવું પડે છે.ફક્ત એક થી દોઢ કલાકની અંદર સારવાર કરી દર્દી ને રજા આપી દેવાય છે આ સારવારથી નવા કાર્ટિલેજ બને છે, સ્નાયુ સંધાય છે તેથી તેને રિજનરેટીવ થેરાપી પણ કહે છે. આ સારવાર અમેરિકા, યુરોપમાં પ્રચલિત છે અને ઘૂંટણના ખર્ચાળ ઓપરેશન ટાળી શકાય છે તેમજ ઘૂંટણના દુઃખાવામાં, સોજામાં, હલન-ચલનમાં ઘણી રાહત મળે છે.

**(બી) પ્રોલો & પ્રોલોઝોન થેરાપી (Prolo & Prolozone Therapy) :-**


ઉપરની સારવારમાં ઘૂંટણના સાંધામાં Proliferating એજન્ટ જેવા કે Dextrose અને Ozone સાંધાની અંદર સોયની મદદથી ઈન્જેક્ટ કરવામાં આવે છે. તેમાં સ્ટીરોઇડ હોતા નથી. ૩-૪ સીટીંગ્સ પછી સાંધામાં સોજો તેમજ દુઃખાવો ઓછો થાય છે. તેમજ સાંધાનો ઘસારો ધીમો પડે છે.

**(સી) જેનીક્યુલર નસ બ્લોક (Genicular Nerve Block) :**

સામાન્યતઃ ઘૂંટણના સાંધાની આજુબાજુ આવેલ જ્ઞાનતંતુ માંથી આવતો આ દુઃખાવો સ્ત્રીઓમાં વધુ જોવા મળે છે.ઘણીવાર સાંધો બદલવાનું ઓપરેશન કર્યા પછી પણ ઘૂંટણના દુઃખાવો આ નસમાંથી ચાલુ રહે છે.આથી આ જ્ઞાનતંતુની આજુબાજુ ઇન્જેક્શન મૂકીને સોજો ઓછો કરી શકાય છે.

**(ડી) રેડિયો ફ્રિકવન્સી સારવાર ( Radio Frequency Procedure) :**

જેમાં સાંધાનો દુઃખાવો ખૂબ હોય,ઓપરેશન શક્ય ના હોય તેવા કિસ્સામાં સાંધાની આજુબાજુ આવેલ નસ (Genicular Nerve) પર રેડિયો ફ્રિકવન્સી અથવા COOL RFની સારવાર કરી દુઃખાવાને ઓછો કરી શકાય છે. તેનાથી નસનો દુઃખાવો તેમજ સોજો ઓછો થાય છે.




Scanned by CamScanner